| | |
|---|---|
|  | ઝીંગા ઉછેર દવારા વધારાની આવક<br><br>શ્રી નાથાભાઈ સોમાભાઈ સંધાણી<br>ગામ- મોટીમોલડી , તાલુકો-ચોટીલા<br>જીલ્લો- સુરેન્દ્રનગર, ગુજરાત,<br>મો.૦૯૯૦૯૮૭૬૦૫૧ |
| વિગત<br><br>ઉંમર : ૪ર  વર્ષ<br><br>શિક્ષણ: બી. ટેક (એગ્રી.)<br><br>જમીન: ૮ હેકટર<br><br>ખેતીનો અનુભવ:૧૫ વર્ષ<br><br>મુખ્યો પાકોઃ ખરીફ-કપાસ,<br>રવી- જીરૂ<br><br>પશુધન  : ભેંસ | અભિગમની વિગતઃ<br>શ્રી નાથાભાઈ સોમાભાઈ સંધાણી એ સુરેન્દ્રનગર જીલ્લાગના ચોટીલા તાલુકાના મોટીમોલડી ગામના પ્રગતીશીલ ખેડુત છે. તેમની પોતાની ૮ હેકટર જમીન છે. જે ખાડા ટેકરાવાળી  છે. જેથી તેઓએ પહેલા તેમની જમીનને ટેરેસીંગ પધ્ધખતીથી સમથળ કરી ઋતુ પ્રમાણે પાકો જેવા કે  , કપાસ, ઘઉં, મરચા, ઉનાળું બાજરો વગેરેનું વાવેતર શરૂ કર્યુ. ત્યારબાદ તેમણે આશરે ર૭,૦૦,૦૦૦ લીટર પાણીની સંગ્રહ શકિત ધરાવતું પાકુ તળાવ પિયત માટે બનાવ્યું. જયારે તેઓ કેવીકે ના સંપર્કમાં આવ્યાપ ત્યારથી તેઓ કેવીકેના વૈજ્ઞાનીકોના માર્ગદર્શન પ્રમાણે પાકો વાવતા અને તેની માવજત કરી મબલખ ઉત્પાદન મેળવતા થયા. જે બદલ તેમને વર્ષ ર૦૦૯ માં ઘઉંની વૈજ્ઞાનીક ઢબે ખેતી માટે સરદાર સ્મૃજતી એવોર્ડ થી સન્માનીત કરવામાં આવ્યા અને તેમને કેવીકેની વૈજ્ઞાનીક સલાહકાર સમીતીની બેઠકના સભ્યટ તરીકે નીમવામાં આવ્યાજ. કેવીકેના વૈજ્ઞાનીકો સાથેની ચર્ચા બાદ તેમણે તેમના પાકા તળાવમાં ઝીંગા ઉછેરનો ધંધો શરૂ કર્યો. શરૂઆતમાં તેઓએ ૩૦  ,૦૦૦ જેટલા ઝીંગાના સીડસનો તેમના પાકા તળાવમાં ઉછેર કર્યો. ત્યાનરબાદ બે વર્ષ પછી જયારે ઝીંગાનું વજન આશરે ૪૦૦ થી ૪૫૦ ગ્રામ જેટલું થયું ત્યારે તેમણે ૫૦ થી ૭૦ રૂપીયા પ્રતિ કીલોએ ઝીંગાનું વેચાણ કર્યુ અને અંદાજીત ૧.૫૦ થી ર.૦૦ લાખ રૂપિયાની ખેતી સાથે વધારાની આવક તેમણે મેળવી. |




ઝીંગા ઉછેરનું પાકુ તળાવ